# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/પરચ//૨૦૧૮/૫૪૪

તા.૨૮/૧૨/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી/બિન-સરકારી
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ
જિલ્લો- ભાવનગર

વિષય : "ટીમ ટીમ તારા" પ્રોજેક્ટ અંગે BISAGના માધ્યમથી તાલીમ આપવા બાબત.
સંદર્ભ : ૧) અત્રેની કચેરીનો પત્રાંક યોજના/પરચ/૫૦૧/૨૦૧૮, તા ૦૬/૧૨/૨૦૧૮
૨)ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો પત્રાંક મુમશબ/સંશોધન/૨૦૧૮/૫૫૭૧-૫૬૦૬, તા.૨૬/૧૨/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે પ્રોજેક્ટ અંતર્ગત બાયસેગના માધ્યમથી 'વંદે ગુજરાત' ચેનલ નં.૯ અને ૧૧ પરથી "જીવન કૌશલ્યો" અંગેના કાર્યક્રમોનું પ્રસારણ તા. ૩૧/૧૨/૨૦૧૮ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે કરવામાં આવનાર છે. આ પ્રોજેક્ટ અંગે શાળાના આચાર્યશ્રીઓ અને શિક્ષકોને માર્ગદર્શન મળી રહે તે હેતુથી આ કાર્યક્રમ નિહાળવા જણાવવામાં આવે છે. જેની દરેક શાળાએ નોંધ લેવી અને આ કાર્યક્રમના અમલ અંગેનો અહેવાલ ફોટોગ્રાફ સહિત નોડલ ઓફિસર શ્રી આર.કે.પંડ્યાને મોકલવાનો રહેશે.

બિડાણ: સંદર્ભદર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**નકલ રવાના અમલવારી સારૂ:**

શિ.ની.શ્રી- તમામ
મ.શિ.ની.શ્રી-તમામ

Scanned by CamScanner

અગત્યનું

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૮/૫૫૭૨-૫૬૦૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૬/૧૨/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:-'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટ અંગે BISAGના માધ્યમથી તાલીમ આપવા બાબત.

સંદર્ભ:-અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/૫૩૬૨-૯૭ તા.૦૪/૧૨/૨૦૧૮.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સંદર્ભ દર્શિત પત્રથી ધોરણ-૯ થી ૧૨માં વિદ્યાર્થીઓ માટે ઉપયોગી થાય તેવો જીવન કૌશલ્યો અંગેનો 'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટ અપરાજિથા ફાઉન્ડેશનના સહયોગથી અમલમાં મૂકવા અંગેની જાણ કરવામાં આવેલ હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત બાયસેગના માધ્યમથી 'વંદે ગુજરાત' ચેનલ નં.-૯ અને ૧૧ પરથી "જીવન કૌશલ્યો" અંગેના કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ સાચા જીવન કૌશલ્યોથી પરિચિત થાય અને તેઓના જીવનમાં તેનું અનુકરણ કરી તેઓ સાચી દિશામાં આગળ વધી શકે તે માટેનો છે.

આ પ્રોજેક્ટ અંગે શાળાના આચાર્યશ્રીઓ અને શિક્ષકોને માર્ગદર્શન મળી રહે તે હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા **BISAGના માધ્યમથી જીવંત પ્રસારણનો કાર્યક્રમ તા.૩૧/૧૨/૨૦૧૮ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે** કરવામાં આવશે. આ કાર્યક્રમ શાળાના આચાર્યશ્રીઓ અને શિક્ષકો દ્વારા નિહાળવામાં આવે માટે આપના તાબાની તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સૂચના આપવા વિનંતી.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના:-
- સિનિયર પ્રોજેક્ટ મેનેજરશ્રી, અપરાજિથા ફાઉન્ડેશન- અમદાવાદ.

E:\HK-\પરિપત્ર-અપરાજિતા BISAG તાલીમ.docx

Scanned by CamScanner